# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળથી પીએમ કિસાન યોજનાનો 23-મો હપ્તો જાહેર કરશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કોલ્હાપુર અને ઇચલકરંજીમાં વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કરશે.

3) સર્વોચ્ચ અદાલતે બેંકો, સંપત્તિ પુનર્નિર્માણ કંપનીઓ અને દેવાદારો વચ્ચેની સાંઠગાંઠ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી.

4) NTAએ આવતીકાલે યોજાનારી NEET- UG 2026ની પુનઃપરીક્ષા માટે સંપૂર્ણ તૈયાર હોવાનુ જણાવ્યું.

5) ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની અંતિમ વનડે મેચ આજે રમાશે.

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM- ODISHA WEST BENGAL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશા અને પશ્ચિમ બંગાળની મુલાકાતે જશે. પશ્ચિમ બંગાળની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન શ્રી મોદી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જાહેર કરશે.

આ અંતર્ગત, દેશભરના 9.44 કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતાઓમાં 18 હજાર 880 કરોડથી વધુ રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવશે. તેઓ પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ડિજિટલ કૃષિ મિશન હેઠળ કૃષિ સ્ટેક અને પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના સહિત મુખ્ય કેન્દ્રીય કૃષિ યોજનાઓનો પણ અમલ કરશે. સાથે જ હુગલી જિલ્લાના તારકેશ્વરમાં પશ્ચિમ બંગાળ દિવસ ઉજવણીમાં હાજરી આપશે. તેઓ રાજ્યમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

ઓડિશામાં, તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના 68મા જન્મદિવસ પર મયુરભંજ જિલ્લાના પહાડપુર ગામમાં મળીને શુભેચ્છા પાઠવશે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી પહાડપુરમાં પવિત્ર પ્રાકૃતિક સ્થળ સંથાલી જાહેરા અને હો જાહેરા ખાતે પ્રાર્થના કરશે. તેઓ કૌશલ્ય કેન્દ્ર અને પહાડપુર શાળાની પણ મુલાકાત લેશે.

ત્યારબાદ, રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી મયુરભંજ જિલ્લાના રૈરંગપુરમાં મોહન ચરણ માંઝી સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેશે. આ કાર્યક્રમ દરમિયાન, તેઓ 47 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પરિયોજાનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પરિયોજના ઊર્જા, ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ, માર્ગ જોડાણ, પીવાનું પાણી, આરોગ્ય, શિક્ષણ, પર્યટન અને સિંચાઈને આવરી લે છે.

આવતીકાલે પ્રધાનમંત્રી કોલકાતામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. આ સાથે જ શ્રી મોદી આવતીકાલે કોલકાતાના શ્યામાપ્રસાદ મુખર્જી બંદર પર ત્રણ સ્વદેશી રીતે નિર્મિત નૌકા જહાજો - INS દુનાગિરી, INS સંશોધન અને INS અગ્રેનું લોન્ચિંગ કરશે.

# SHAH - KOLHAPUR VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કોલ્હાપુર અને ઇચલકરંજીની મુલાકાત લેશે. તેઓ મહાલક્ષ્મી મંદિરના પરિસરમાં વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કરશે અને પશ્ચિમ મહારાષ્ટ્ર મંદિર વિકાસ યોજના હેઠળ હાથ ધરવામાં આવી રહેલા વિકાસ પરિ-યોજનાઓની સમીક્ષા કરશે. શ્રી શાહ કોલ્હાપુરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એક જાહેર સભાને સંબોધિત કરશે.

બાદમાં તેઓ ઇચલકરંજીમાં જનતા સહકારી બેંકના નવા બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે અને સહકારી ખાંડ ફેક્ટરીના નામકરણ અને વિસ્તરણના કાર્યક્રમમાં ભાગ લેશે. કેન્દ્રીય ગૃહમંત્રી ઇચલકરંજીમાં કલ્લપ્પન્ના આવડે ટેક્સટાઇલ પાર્ક ખાતે ડૂતોની સભાને પણ સંબોધિત કરશે.

# SC BANK ARC NEXUS

સર્વોચ્ચ અદાલતે બેંકો, સંપત્તિ પુનનિર્માણ કંપનીઓ અને દેવાદારો વચ્ચેની સાંઠગાંઠ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. અદાલતે મોટી લોનના સમાધાનની પદ્ધતિ અંગે પણ સવાલો ઉઠાવ્યા છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયમૂર્તિ વી. મોહનની બેન્ચે કહ્યું કે બેન્કો કરદાતાઓના નાણાં લોનના રૂપમાં આપી રહી છે, પરંતુ તેની વસૂલાત માટે અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. જાહેર નાણાના દુરુપયોગ પર ગંભીર ચિંતા વ્યક્ત કરતા અદાલતે કહ્યું કે આ રકમનો ઉપયોગ જન કલ્યાણ માટે થવો જોઈએ.

સુનાવણી દરમિયાન અદાલતની બેન્ચે ખરાબ સંપત્તિના નિરાકરણ માટે અનુસરવામાં આવતી પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે સંપત્તિ પુનઃનિર્માણ કંપનીઓની કામગીરીની તપાસ કરવી જરૂરી છે.

## NADDA- TB REVIEW

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં ટીબી મુક્ત ભારત અભિયાનની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને ટીબી મુક્ત ભારત માટે એક નવી પહેલની સમિક્ષા કરી હતી.

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, દેશમાં ટીબીના કેસ 2014માં પ્રતિ લાખ વસ્તીમાં 243 કેસની સરખામણીમાં 2024માં ઘટીને 187 કેસ થઈ ગયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટીબી મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

શ્રી નડ્ડાએ રાજ્યોને જનભાગીદારી દ્વારા તેમના સંબંધિત મતવિસ્તારોમાં ટીબી નાબૂદીના પ્રયાસોની સમીક્ષા કરવા માટે તેમના સાંસદો અને ધારાસભ્યોને સક્રિયપણે જોડવા હાંકલ કરી હતી.

## JAISHANKAR - INDIA US FORUM

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારતે પોતાના રાષ્ટ્રીય હિતો, વ્યૂહાત્મક સ્વાયત્તતા અને બહુધ્રુવીયતાને ધ્યાનમાં રાખીને તમામ દેશો સાથેના સંબંધો મજબૂત કરવા જોઈએ.

નવી દિલ્હીમાં ભારત-અમેરિકા ફોરમ 2026માં સંબોધન કરતા ડૉ. જયશંકરે કહ્યું હતું કે, બંને દેશો વચ્ચે પડકારો અને જટિલતાઓ હોવા છતાં તમામ ક્ષેત્રોમાં ભાગીદારી વધુ ગાઢ બની રહી છે.

**BYTE: S JAYSHANKAR**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NTA

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ જણાવ્યું કે, તે આવતીકાલે યોજાનારી NEET- UG 2026ની પુનઃપરીક્ષાના સરળ, ન્યાયી અને પારદર્શક સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર છે. એક નિવેદનમાં, NTAએ જણાવ્યું હતું કે, ભારતના 551 શહેર અને વિદેશના 14 શહેરમાં યોજાનાર આ પરીક્ષામાં 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે.

આ પરીક્ષા માટે નિરીક્ષકો, સંયોજકો, પોલીસ દળો અને વહીવટકર્તાઓ સહિત બે લાખથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. નિષ્પક્ષ અને પારદર્શક પરીક્ષા સુનિશ્ચિત કરવા માટે બહુ-સ્તરીય સુરક્ષા માળખું ગોઠવવામાં આવ્યું છે.

## VIVEK AGGARWAL - FATF

વરિષ્ઠ ભારતીય અમલદાર વિવેક અગ્રવાલને 2026-27 કાર્યકાળ માટે ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) ના આગામી ઉપ-પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ યુનાઇટેડ કિંગડમના ગિલ્સ થોમસનનું સ્થાન લેશે. હાલમાં સંસ્કૃતિ મંત્રાલયમાં સચિવ તરીકે સેવા આપતા શ્રી અગ્રવાલ અગાઉ FATFમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી ચૂક્યા છે અને વૈશ્વિક મની લોન્ડરિંગ વિરોધી અને આતંકવાદ વિરોધી ભંડોળ નિયંત્રક સાથે ભારતના જોડાણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આ નિર્ણય 17 થી 19 જૂન દરમિયાન યોજાયેલી ટાસ્ક ફોર્સની બેઠકમાં લેવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે શ્રી અગ્રવાલની પસંદગીને ભારત માટે એક મોટી જીત ગણાવી હતી.

## CRICKET IND VS AFG

ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ વનડે મેચ આજે બપોરે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ બપોરે 1.30 વાગ્યે શરૂ થશે.

શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમે ધર્મશાળામાં પહેલી વનડે સાત વિકેટથી જીતી હતી. ત્યારબાદ ભારતે લખનૌમાં બીજી વનડેમાં કેપ્ટન શુભમન ગિલ અને ઇશાન કિશનની સદીની મદદથી ૧૭૦ રનથી વિજય મેળવ્યો હતો.

## DOHA LEAGUE

દોહા ડાયમંડ લીગમાં સીઝનની પહેલી સ્પર્ધામાં ભારતના સ્ટાર્ટર ભાલા ફેંકનાર નીરજ ચોપરા ચોથા સ્થાને રહ્યા. નીરજ ચોપરાએ પોતાના ત્રીજા પ્રયાસમાં 85.69 મીટરનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.

શ્રીલંકાના રુમેશ થરંગા પથિરાજાએ 88.68 મીટરના થ્રો સાથે ટાઇટલ જીત્યું. બે વખતના વિશ્વ ચેમ્પિયન ગ્રેનાડાના એન્ડરસન પીટર્સ 86.38 મીટર સાથે બીજા સ્થાને જ્યારે અમેરિકન કર્ટિસ થોમ્પસન 85.99 મીટર સાથે ત્રીજા સ્થાને રહ્યા.

નીરજ ચોપરાએ આગામી કોમનવેલ્થ ગેમ્સ માટે એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા નિર્ધારિત 82.61 મીટરના લક્ષ્યને પાર કરી લીધો છે. નિરજ ચોપરાને 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન ગ્લાસગોમાં રમાનારી કોમનવેલ્થ ગેમ્સ માટે 32 સભ્યોની ટીમમાં પહેલાથી જ સામેલ કરવામાં આવ્યા છે.

## WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે

અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, દિલ્હી, પૂર્વ મધ્ય પ્રદેશ, વિદર્ભ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ઉત્તર-આંતરિક કર્ણાટકમાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની શક્યતા છે.

-----------------------------------------

## <u>આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા</u>

- આજે ઇઝરાઈલે લેબનોન પર કરેલ હુમલા અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર અને સંદેશ લખે છે કે, ઈઝરાઈલનો લેબનોન પર ઘાતકી હુમલો -18 ના મોત, વાટાઘાટો ટળી.
- ફૂલછાબ લખે છે કે, સમજૂતી પછી લેબેનોનમાં ઈઝરાઈલના હુમલાથી શાંતિ જોખમાઈ.
- ગુજરાત સમાચાર લખે છે કે, અમેરિકન વૈજ્ઞાનિકનું ઘાતક કોરોના માટે ફંડિંગ – કાર્યકાળના અંતિમ દિવસે ઇન્ટેલિજન્સ ડાયરેક્ટર તુલસી ગબાર્ડના ઘટસ્ફોટથી વિશ્વભરમાં ખળભળાટ.
- અને નવગુજરાત સમય લખે છે કે, જિયોનો દેશનો સૌથી મોટો 37 હજાર 700 કરોડનો IPO.
- સ્થાનિક સમાચારમાં ભારે વરસાદ પડવાથી પાવાગઢ પરથી ભેખડ પડતાં યાત્રાળુઓ દબાયા: 2 ના મોત, 5 ઘાયલ, ભાવનગર સર ટી. હોસ્પિટલમાં રેગિંગ કેસમાં 6 વિદ્યાર્થી સસ્પેન્ડ, દેશમાં 9.44 કરોડ ખેડૂતો પર આજે થશે 18 હજાર 880 કરોડની સહાયનો વરસાદ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.